તાપમાન ઘટયું પરંતુ બફારો ત્રાસદાયક બને છે

વાદળછાયા વાતાવરણ વચ્ચે વસાહતીઓ પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે : મહત્તમ તાપમાન ૩૯.૫ ડિગ્રી

ગાંધીનગર, તા.૨૭

ચોમાસાના દિવસો નજીક આવતા ખૂબ અકળાવનારી ગરમી પડી રહી છે. બફારો ત્રાસદાયક બની રહ્યો છે. પંખાની હવા પણ જરાય અસર ન કરે તેવી અકળાવનારી ગરમીમાં સૌ કોઈ હેરાન પરેશાન થઈ રહ્યા છે. તાપમાન નીચું આવ્યું છે પરંતુ ગરમીમાં રાહત મળતી નથી.

છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. વાદળોથી આકાશ ઘેરાયેલું છે. આજે પણ ગઈકાલની જેમ જ વાદળો અને સુર્યની વચ્ચે સંતાકુંકડીના દેશ્યો સર્જાયા હતા. વાદળછાયા વાતાવરણ વચ્ચે પવનની ઝડપ પણ વધુ હતી.

વાતાવરણમાં પલ્ટો આવતા મહત્તમ તાપમાન ઘટયું હતું. છેલ્લા ચાર-પાંચ દિવસથી મહત્તમ તાપમાન ધીમે ધીમે ઘટતું જાય છે. જો કે લઘુત્તમ તાપમાન હજુ પણ ૨૮ ડિગ્રીથી વધુ રહેતા સુર્યાસ્ત બાદ પણ ગરમીનો ત્રાસ સહન કરવો પડે છે. આખો દિવસ ઘરમાં રહીને ગરમીથી અકળાયેલા વસાહતીઓ વાળુ પતાવી અગાસી પર પહોંચી જાય છે તો કેટલાક વસાહતીઓ સર્કલો, બગીચાઓ અને ફુવારાની આસપાસ બેસી રહે છે. ઘ-૨, પથિકાશ્રમ, ચ-૫ સર્કલ, ઈન્ફોસિટી સર્કલ ઉપરાંત ઘ-૪નો બગીચો અને સ્વર્ણિમ પાર્કમાં વસાહતીઓના ટોળાં મોડી રાત સુધી બેઠેલા નજરે પડે છે. વાદળો હોવાથી આકરો તડકો નથી પડતો પરંતુ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધી ગયું છે. દિવસે દિવસે ભેજનું પ્રમાણ વધતા બફારો ખુબ અનુભવાય છે. પંખાની નીચે બેઠા હોવ તો પણ પરસેવો થાય છે. નાહીને બહાર નીકળો તો પણ થોડીક જ વારમાં પરસેવે નાહી જવાય છે. ઘરની બહાર નીકળવાનું મુશ્કેલ બનતું જાય છે. એ.સી. અને કુલર સતત ચલાવવા પડે છે. ગરમીમાં હેરાન થતાં વસાહતીઓ દિવસમાં બે ત્રણ વાર ન્હાય છે. જેના કારણે વિજળી અને પાણી બંનેનો વપરાશ વધ્યો છે.

કીડી-મકોડા અને નાના જીવજંતુઓ ખુબ નીકળે છે

ગાંધીનગર, તા.૨૭

વાતાવરણમાં આવેલા પલ્ટાની અસર જમીનની અંદર રહેલા જીવજંતુઓને પણ થઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. છેલ્લા બે દિવસથી જયાં જુઓ ત્યાં કીડી-મકોડા અને નાના જીવજંતુઓ જોવા મળી રહ્યા છે. આ જીવજંતુઓનો ત્રાસ પણ વસાહતીઓને સહન કરવો પડી રહ્યો છે.

છેલ્લા બે ત્રણ દિવસથી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. પવન સાથે આકાશમાં વાદળો ઘેરાતા બફારો ખુબ વધ્યો છે. બફારો જેમ મનુષ્યોને હેરાન પરેશાન કરી રહ્યો છે તેમ નાના નાના જીવજંતુઓ અને કીડી મકોડાઓ પણ બફારાથી ત્રાસી ગયા હોય તેમ દરની બહાર નીકળી પડયા છે. ગ્રાઉન્ડ ફલોર પર મકાનો છે ત્યાં તો જયાં જુઓ ત્યાં કીડીઓ-મકોડા જોવા મળી રહ્યા છે. બફારાની સાથે વસાહતીઓને આ જીવજંતુઓનો ત્રાસ પણ સહન કરવો પડે છે.

અગાસી પર સુવા જવું હોય તો પણ ટેબલફેન કે હાથ પંખો લઈ જવાની જરુરીયાત ઉભી થાય તેવો બફારો છેક મોડી રાત સુધી અનુભવાય છે. પ્રિ-મોન્સુન એકટીવિટીના ભાગ રૂપે આવેલો વાતાવરણીય પલ્ટો ખુબ જ અકળાવનારો બની રહ્યો છે.

સિગ્નલો માટે તંત્ર હજુ ટ્રાયલ મોડમાં

પોલીસ તંત્રએ હજુ ચાર્જ લીધો નથી ! : સિગ્નલોમાં સેકન્ડોનો સમય વારંવાર બદલાય છે : ટ્રાયલ-એરરનો અભ્યાસ હજુ ચાલે છે

ગાંધીનગર, તા. ૨૭

શહેરમાં લગાવાયેલા ટ્રાફિક સિગ્નલો તંત્ર માટે શિરદર્દરૂપ બન્યા હોવાનું ધ્યાને આવ્યું છે. અલબત્ત ટ્રાફિક તંત્રએ વિધિવત રીતે હજુ સિગ્નલોનો ચાર્જ સંભાળ્યો નથી. ટ્રાફિક પોલીસ સિગ્નલની સિસ્ટમને લઈ હજુ ટ્રાયલ બેઈઝ ઓબ્ઝર્વેશન કરે છે. બીજી તરફ વધુ ત્રણ ઠેકાણે સિગ્નલ લગાવવા પણ ટૂંક સમયમાં ચક્રો ગતિમાન થશે.

ગાંધીનગરમાં દાયકાઓના અંતે ત્રણ ઠેકાણે ટ્રાફિક સિગ્નલ લગાવવામાં આવ્યા છે. શહેરમાં વાહનોની સંખ્યા વધતા માર્ગો પર ટ્રાફિકનો ધમધમાટ વધ્યો છે. જ્યારે પીકઅવર્સ દરમિયાન મેગાસીટીની જેમ ટ્રાફીક જામના દેશ્યો પણ સર્જાય છે. આવા સંજોગોમાં ટ્રાફીકના યોગ્ય નિયમન માટે ટ્રાફીક સિગ્નલ મુકવા અનિવાર્ય છે. થોડા સમય અગાઉ તંત્ર દ્વારા શહેરના ત્રણ સ્થળોએ ટ્રાફીક સિગ્નલ લગાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. શહેરમાં ઘ-૩, ચ-૩ અને ચ-૪ માર્ગ પર ગેટ નં. ૭ પાસે સિગ્નલો લગાવી દેવાયા બાદ હાલ આ સિગ્નલો ટ્રાયલ બેઈઝ પર કાર્યરત છે. પ્રાયોગિક ધોરણે સિગ્નલો ચાલુ છે. ત્યારે ટ્રાફીક સેન્સ કેળવતા વાહનચાલકો પણ સિગ્નલોથી ટેવાઈ રહ્યા છે. જો, કે ટ્રાફીક સિગ્નલ લગાવી દેવાયા બાદ બે મહીનાના અંતે પણ જિલ્લા ટ્રાફીકતંત્રએ સિગ્નલોનો વિધિવત ચાર્જ સંભાળ્યો ન હોવાનું ધ્યાને આવ્યું છે. સિગ્નલો કોમ્પ્યૂટર આધારિત ઓપરેટ થાય છે. ત્યારે રેડ અને ગ્રીન સિગ્નલો માટે વારંવાર સેકન્ડોનો સમય પણ બદલાય છે. સ્થળ સ્થિતિ અને ટ્રાફિકનો મિજાજ પારખી સિગ્નલોના ટ્રાયલ લેવાનું કામ ચાલુ છે. ટ્રાફીકતંત્રએ પણ હજી પૂર્ણ રીતે સિગ્નલોનો અભ્યાસ કર્યો નથી. બીજી તરફ નવા સિગ્નલો મુકવા માટે પણ ટુંકમાં આયોજન હાથ ધરવામાં આવનાર છે.

ગુડાએ રાયસણમાં દોઢ કરોડના ખર્ચે હરિયાળો પાર્ક બનાવ્યો

ઉદ્યાનમાં વોકીંગ ટ્રેક, આઈસક્રીમ પાર્લરો સહીતના આકર્ષણો ઉભા કરાશે

ગાંધીનગર, તા. ૨૭

ગુડા દ્વારા ગ્રીન કન્સેપ્ટને વેગ આપવા ટી.પી. વિસ્તારમાં હરિયાળા પાર્કબનાવવાની યોજના હાથ ધરવામાં આવી છે. જે અન્વયે રાયસણમાં નવીન ઉદ્યાનનું નિર્માણ કરવામાં આવ્યું છે. અંદાજિત રૂ. ૧.૫૦ કરોડના ખર્ચેનિર્માણ થયેલા આ ઉદ્યાનનું ટૂંકમાં લોકાર્પણ કરવામાં આવશે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડાની વિકસિત ટી.પી. વિસ્તારમાં પાણી, ગટર સહિતની માળખાગત સુવિધા પુરી પાડવા વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. ગુડા વિસ્તારમાં આગામી દાયકાઓના વસતી અને વિકાસને ધ્યાને લઈ વિકાસના નવતર કામોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુડા વિસ્તારના રહીશોને પાયાની સુવિધા પુરી પાડવા ઉપરાંત ગ્રીનસીટી અને ક્લીનસીટીના કન્સેપ્ટને વેગ આપવા તળાવ વિકાસ, ઉદ્યાન નિર્માણ ઉપરાંત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની અદ્યતન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ટી.પી. વિસ્તારમાં હરિયાળી નિખારવા નવા બગીચાઓ વિકસાવવાની યોજના હાથ ધરવામાં આવી છે. બગીચા નિર્માણ કરવાની કાર્યયોજના અન્વયે રાયસણમાં નવો બગીચો બનાવવામાં આવ્યો છે. વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર બગીચામાં હરિયાળી લોન વચ્ચે વોકીંગ ટ્રેક તૈયાર કરી દેવાયો છે જ્યારે સહેલાણીઓ માટે પાર્લરો બનાવાનો પણ નિર્ણય લેવાયો છે. જેમાં ઉદ્યાનને અનુલક્ષી વિવિધ પ દુકાનો બનાવવાનું કામ હાથ ધરાયું છે. આગામી દિવસોમાં બગીચામાં સોલારલાઈટ પણ લગાવાશે. બગીચાના નિર્માણ પાછળ અંદાજિત રૂ. ૧.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

સ્વર્ણિમ સંકુલના તમામ માળે પ્રવેશ માટે એક્સપ્લોરાના મશીનો લગાવાયા

ગાંધીનગર, તા. ૨૭

સચિવાલયમાં નવનિર્મિત સ્વર્ણિમ સંકુલમાં કર્મચારીઓની હાજરી માટે એક્સપ્લોરાના મશીનો લગાવી દેવામાં આવ્યા છે.

સચિવાલય સંકુલમાં બેસતા મંત્રીઓના કાર્યાલયોમાં ફરજ બજાવતા અધિકારીઓ કર્મચારીઓની હાજરી માટે સ્વર્ણિમ સંકુલના ભોંયતળીયે તેમજ દરેક માળ પર એક્સપ્લોરાના મશીનો લગાવવામાં આવ્યા છે.

અધિકારીઓ કર્મચારીઓ ઉપરાંત સચિવાલયમાં આવતા મુલાકાતીઓને પણ પ્રવેશ પાસ ચેક કરવામાં આવ્યા બાદ આ એક્સપ્લોરાના મશીનમાંથી પ્રવેશ આપવામાં આવશે. સલામતી વ્યવસ્થાને પણ ધ્યાને રાખીને સ્વર્ણિમ સંકુલના તમામ માળો પર આ એક્સપ્લોરાના મશીનો લગાવવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે નવા સચિવાલયના બ્લોક નં. ૧ માં માત્ર ભોંયતળીયે અને બીજા માળે જ એક્સપ્લોરાના મશીનો લગાવવામાં આવ્યા હતા. પરંતુ સ્વર્ણિમ સંકુલના તમામ માળ પર આ એક્સપ્લોરાના મશીનો લગાવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નવનિર્મિત સ્વર્ણિમ સંકુલમાં સલામતી વ્યવસ્થાના ભાગરૂપે દરેક માળ પર સુરક્ષા વ્યવસ્થા અને ચેકીંગ વ્યવસ્થા પણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સચિવાલય સંકુલમાં વાહનોના પ્રવેશ માટે પણ બારકોડેડ પ્રવેશ પદ્ધતિ અમલી બનાવવામાં આવનાર છે.

સ્વામી સામે ઈમોરલ ટ્રાફીક એક્ટનો ગુનો દાખલ થઈ શકે છે

એફએસએલનો રીપોર્ટ અને બીજા પુરાવાઓ મળે તો ગુનો દાખલ થશે : બ્લેકમેલર ધ્રુવને પકડવા પોલીસ રવાના : ત્રણેય આરોપી ૩ દિવસના રિમાન્ડ પર

ગાંધીનગર, તા. ૨૭

સેક્સકાંડમાં ઝપટમાં આવેલા કલોલ સ્વામીનારાયણ ગુરુકુળના સ્વામી નિલકંઠની બિભત્સ કલીપ ઉતારીને રૂ. ૫૦ લાખની માંગણી કરનાર બ્લેકમેલરો પૈકી ૩ ઝડપાઈ ગયા હતા તે ત્રણેય ત્રણ દિવસના રિમાન્ડ પર છે. અમદાવાદના ધ્રુવ નામના ફરાર બ્લેકમેલરને પકડવા પોલીસ આજે રવાના થઈ છે. તો બીજી તરફ ગુરુકુળમાં જ સેક્સકાંડ રચનાર સ્વામી નિલકંઠ વિરૂદ્ધ પણ ઈમોરલ ટ્રાફીક એક્ટનો ગુનો દાખલ થાય તેવી શકયતા છે. એફએસએલ રીપોર્ટના અન્ય પુરાવાઓ મળે તો સ્વામી વિરૂદ્ધ પણ ગુનો દાખલ થશે તેમ પોલીસનું કહેવું છે.

કલોલ સ્વામીનારાયણ ગુરુકુળમાં જ આઈટમો લાવીને સેક્સ માણતા સ્વામી ખુલ્લા પડતા ભારે ચકચાર મચી જવા પામી છે. ૫ થી ૧૦ હજાર ચુકવીને વિજાપુરના દલાલ પાસેથી ૧૮ થી ૨૫ વર્ષની આઈટમો સ્વામી મંગાવતા હોવાનું પકડાયેલા આરોપીઓનું કહેવું છે. સ્વામી નિલકંઠની ક્લીપીંગ ઉતારીને રૂ. ૫૦ લાખ માંગનાર પાંચ પૈકી ત્રણને ટ્રેપ ગોઠવીને કલોલ તાલુકા પોલીસે પકડી પાડયા બાદ કોર્ટમાં રજુ કરતા ત્રણ દિવસના રિમાન્ડ મંજુર થયા છે. ફરાર બે આરોપીઓ પૈકી અમદાવાદના ધ્રુવ નામના બ્લેકમેલરને પકડવા પોલીસ રવાના થઈ છે. જ્યારે મુખ્ય સુત્રધાર વિજાપુરનો દલાલ ચંદા શાહ હજુ વોન્ટેડ છે. જેની ધરપકડ બાદ સનસની ખુલે તેવી શક્યતાઓ છે. પોલીસે જપ્ત કરેલી પેન ડ્રાઈવ અને લેપટોપમાંથી ક્લીપીંગ એફએસએલમાં પરિક્ષણ અર્થે મોકલી દેવામાં આવી છે. તેનો રીપોર્ટ આવ્યા બાદ અને અન્ય જરૂરી પુરાવા મળ્યા બાદ સ્વામી નિલકંઠ વિરૂદ્ધ ઈમોરલ ટ્રાફીક એક્ટ મુજબ ગુનો દાખલ થાય તેવી શકયતા છે.

શેરથા-ચિલોડા તળાવ વિકસાવવા સ્થળ-સ્થિતિનો અભ્યાસ કરાશે

ગાંધીનગર, તા. ૨૭

ગુડાએ તળાવ વિકાસની યોજના અન્વયે વાવોલમાં, અમદાવાદમાં વસ્ત્રાપુર લેકની પેટર્ન પર તળાવનો નઝારો બદલવા કામ હાથ ધર્યું છે. જ્યારે શેરથા અને ચિલોડામાં પણ તળાવ વિકસાવવા નિર્ણય લેવાયો છે. પરંતુ આ મામલે સ્થળ સ્થિતિનો અભ્યાસ કરી ફિઝીબિલીટી રીપોર્ટ તૈયાર થયા બાદ તળાવ વિકાસની યોજના આખરી થશે.

શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગુડા વિસ્તારમાં ઉદ્યાનોની સાથે તળાવ વિકસાવવાની યોજના અન્વયે પણ કામ હાથ ધરાયું છે. જે અન્વયે શહેર નજીકના વાવોલ ગામમાં સ્થિત તળાવને વસ્ત્રાપુર લેકની પેટર્ન પર વિકસાવવાનો નિર્ણય લેવાયો છે. તળાવ આસપાસ હરિયાળા ઉદ્યાનનું પણ નિર્માણ કરવામાં આવનાર છે. આ યોજના પાછળ રૂ. ૩.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. તળાવને પિકનિક સ્પોટ સમાન બનાવવા તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવનાર છે. જ્યારે વાવોલની જેમ હાલના તબક્કે સરગાસણના તળાવનો નઝારો બદલવા પણ ગુડા દ્વારા કામ હાથ ધરાયું છે. બીજી તરફ શેરથા અને ચિલોડાના પણ તળાવ વિકસાવવાની યોજના હાથ ધરવામાં આવનાર છે. ગુડાના સૂત્રના જણાવ્યા અનુસાર શેરથી અને ચિલોડામાં તળાવ વિકસાવવા હજુ સ્થળ-સ્થિતિનો અભ્યાસ કરવો પડશે. આ માટે તજજ્ઞો દ્વારા ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરાયા બાદ તળાવ વિકાસની યોજનાને આખરી ઓપ આપવામાં આવશે.

તજજ્ઞો ફીઝીબિલીટી રીપોર્ટ તૈયાર કરશે

LCD TV રીપેરીંગ
બાપ્પુ LED TV, LCD TV, Plazma TV, ક્યાર TV બગડે તો દુકાને લાવવાની જરૂર નહી. ફક્ત ફોન કરો ૨ કી ૩૦ કલાક માટે
સોમનાથ ઈલેકટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૫, મો ૯૭૪૧૯૮૩૬૬

દહેગામ નગરપાલિકા, જી. ગાંધીનગર
ટેન્ડર નિવિદા
આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, દહેગામ નગરપાલિકા વિસ્તારમાં નીચે જણાવેલ કામો સારૂ તા. ૧૦-૬-૨૦૧૩ સુધીમાં રજી. પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે.

ક્રમ	કામની વિગત	ફી	અંદાજીત રૂ.
	૧૩માં નાણાંપંચની ગ્રાન્ટ/જુલ્લા પંચાયતની ગ્રાન્ટ		
૧.	દહેગામ-ચિલોડા રોડથી પાવર સ્ટેશન પાસે થઈ સોલંકી પુરા તરફ સી.સી. રોડનું કામ	-	૧૮૫૩૦૪.૦૦
૨	નગરપાલિકા વિસ્તારમાં જુદી જુદી ૪૮ ચાર ૯ જગ્યાએ આંગણવાડી બનાવવાનું કામ	-	૨૨૦૧૨૯૨.૦૦
	૧૩માં નાણાંપંચની ગ્રાન્ટ		
૩.	પોલીસ સ્ટેશન પાસે વાઘરીવાસમાં ગટરલાઈનનું કામ	૫૫૦	૪૦૪૬૮૦.૦૦
૪.	બ્લોક હેલ્થ ઓફિસ પાસે પુંજાભાઈની ચાલીમાં ગટરલાઈન નાંખવાનું કામ.	૫૫૦	૩૪૮૬૫૩.૭૯
૫	રબારીવાસથી વાસણા રાઠોડ રોડ તરફ પથ્થર રોડ રીકીટીંગ કરવાનું કામ.	૫૫૦	૨૪૦૮૬૩.૩૧
	સ્વર્ણિમ જયંતિ જનભાગીદારીની ગ્રાન્ટ		
૬.	ઉમિયા પાર્ક સોસાયટીમાં સી.સી. રોડ બનાવવાનું કામ.	૫૫૦	૫૫૬૯૮૩.૦૦
૭.	લબ્ધી સોસાયટીમાં સી.સી. રોડ બનાવવાનું કામ.	૫૫૦	૮૪૪૭૮૩.૦૦
	સ્વભંડોળ		
૮.	બાંધકામ શાખાની વિવિધ પ્રકારની કામગીરી માટેના વાર્ષિક ભાવોનું કામ.		
	(એ) પરચુરણ કામો કરવાના ભાવો - ત્રીજો પ્રયત્ન	૫૫૦	---
	(ડી) ભૂગર્ભ ગટરલાઈન નાંખવાના તથા મેનહોલ ઉંચા કરવાના ભાવો - ત્રીજો પ્રયત્ન	૫૫૦	---
૯.	નગરપાલિકાની મિલકતોને કલર કરવાના વાર્ષિક ભાવો મંગાવવાનું કામ	૨૭૫	---
૧૦.	આરોગ્ય શાખા માટે જંતુનાશક દવા સપ્લાય કરવાના વાર્ષિક ભાવોનું કામ	૫૫૦	---
૧૧.	આરોગ્ય શાખા માટે ડોર ટુ ડોર ઘનકચરા એકત્રીકરણ કરવાના વાર્ષિક ભાવનું કામ.	૮૨૫	---
૧૨.	આરોગ્ય તથા બાંધકામ શાખા માટે જે.સી.બી. તથા ટ્રેક્ટર ડમ્પરનાં વાર્ષિક ભાવનું કામ.	૫૫૦	---
૧૩.	સ્મશાન ગૃહ માટે લાકડા સપ્લાય કરવાના વાર્ષિક ભાવનું કામ	૫૫૦	---
૧૪	વોટર વર્કસ માટે ક્લોરીન લીકવીડ સપ્લાય કરવાના વાર્ષિક ભાવનું કામ	૫૫૦	---
૧૫.	વોટર વર્કસ માટે માલ-સામાન સાથે પાઈપ લાઈન નાખવાના વાર્ષિક ભાવનું કામ.	૫૫૦	---
૧૬.	વોટર વર્કસ માટે મોટર પમ્પ, પેનલ, જાળવણી-નિભાવણી કરવાના વાર્ષિક ભાવનું કામ.	૫૫૦	---
૧૭.	વોટર વર્કસઃ સબમર્શીબલ મોટર, પેનલ તથા અન્ય માલ-સામાનના વાર્ષિક ભાવનું કામ.	૫૫૦	---
૧૮.	ઓફિસ કામ માટે સ્ટેશનરી સપ્લાય કરવાના વાર્ષિક ભાવનું કામ	૨૭૫	
૧૯.	ઓફિસ કામ માટે કોમ્પ્યુટર મેન્ટેનન્સ કરવાના વાર્ષિક ભાવનું કામ	૨૭૫	---
૨૦.	ઓફિસ કામ માટે પ્રિન્ટીંગ બાઈન્ડીંગ કરવાના વાર્ષિક ભાવનું કામ	૨૭૫	---
૨૧.	ઓફિસ કામ માટે ઝેરોક્ષ કરવાના વાર્ષિક ભાવનું કામ	૨૭૫	---
૨૨.	નગરપાલિકા વિસ્તારમાં વાર્ષિક ધોરણે સાફ-સફાઈ કરવાના ભાવ	૫૫૦	---
૨૩.	નગરપાલિકા વિસ્તારમાં જાહેરાતના બોર્ડ માટેના ભાવનું કામ	૫૫૦	---
૨૪.	આથમણા તળાવ ગાર્ડનની જાળવણી-નિભાવણી કરવાના ભાવો મંગાવવાનું કામ.	૫૫૦	---
૨૫.	લગ્ન નોંધણીના સોફ્ટવેરના ભાવનું કામ	૫૫૦	---
૨૬.	એંસી એલઈડીના વાર્ષિક ભાવનું કામ	૫૫૦	---

ઉપરોક્ત કામ નં. ૧ થી ૨ના ઓનલાઈન ઈ-ટેન્ડરો https://www.nprocure.com વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી તા. ૧૧-૬-૨૦૧૩ને ૧૮-૦૦ કલાક સુધી સબમીશન કરવાના રહેશે. ટેન્ડર ફી ભાગની રકમ અને અન્ય દસ્તાવેજો તા. ૧૪-૬-૨૦૧૩ને ૧૫-૦૦ કલાક સુધીમાં રજી.એ.ડી.થી પહોંચતા કરવાના રહેશે તથા કામ નં.૩ થી ૨૬ના કોરા ટેન્ડર ફોર્મ તા. ૩-૬-૨૦૧૩ સુધીમાં ઓફીસ સમય દરમિયાન અરજી સાથે જરૂરી રજીસ્ટ્રેશન, પાન કાર્ડ, અનુભવ સર્ટીફિકેટ, બેન્ક સોલવંસી, ઈન્કમટેક્ષ ક્લીયરન્સ સર્ટીફિકેટની નકલ તથા ટેન્ડર ફી જમા કરાવેથી ટેન્ડર કોપી આપવામાં આવશે. કામ દીઠ અલગ-અલગ કવરમાં ટેન્ડર કોપી ભીડવાની રહેશે. અર્નેસ્ટમની ડીપોઝીટ રાષ્ટ્રીયકૃત બેન્કની એફ.ડી.આર. ટેન્ડર સાથે ભીડવાની રહેશે. કવર ઉપર જે તે કામની વિગત અવશ્ય દર્શાવવાની રહેશે. કોઈપણ કારણ આપ્યા સિવાય ટેન્ડર મંજુર કે નામંજૂર કરવાનો અધિકાર દહેગામ નગરપાલિકા અબાધિત રાખે છે.

મનીષ પટેલ
ઈ. ચા. ચીફ ઓફિસર
ચેતનભાઈ ભાવોર
ચેરમેન, કારોબારી સમિતિ
હિરેન્દ્રકુમાર મકવાણા
ઉપપ્રમુખ
ભરતભાઈ રબારી
પ્રમુખ
માહિતી/૪૨૨/૧૩/૧૪

જાહેર વિજ્ઞપ્તિ
અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, ગાંધીનગર શાખા દ્વારા ચુલ વર્ષે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષામાં ૯૮% અને તેથી વધારે પર્સેન્ટાઈલ મેળવેલ હોય તેવા તેજસ્વી તારલાઓનું અભિવાદન કરવામાં આવનાર છે.
ગાંધીનગર જિલ્લાના ઉપર જણાવ્યા મુજબના પર્સન્ટાઈલ મેળવેલ તેજસ્વી તારલાઓનો તેમની માર્કશીટની પ્રમાણિત નકલ તથા નામ, સરનામું અને સંપર્ક નંબર તા. ૫-૬-૨૦૧૩ સુધીમાં ગાયત્રી શક્તિપીઠ, સેક્ટર-૧, ચ-રોડ, ગાંધીનગર ખાતે સાહિત્ય સ્ટોલ ઉપર રૂબરૂ પહોંચાડવા વિનંતી છે.
આપનો સ્નેહાધિન
મનુભાઈ જે. પટેલ
ગાયત્રી પરિવાર, ગાંધીનગર

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com